# નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ

# રાષ્ટ્રીય સેવા યોજન

# વાર્ષીક પ્રવૃતી ૨૦૧૫-૧૬

➢ **કમિટીનું સંગઠન સંરચના :-**

શૈક્ષણિક સત્ર ૨૦૧૫-૧૬ ની શરૂઆતમાં એન.એસ.એસ.ની કમિટીની સંરચના માટે તા.૧૭-૦૬-૨૦૧૫ મીટીગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રમુખ પદે કાર્યકારી આચાર્યશ્રી ડાં.કે.જે.મહેતા, પ્રોગ્રામ ઓફિસર ડાં.જી.જે.ખરાદી અને અન્ય બીજા પાંચ પ્રોફેસર તથા દત્તક ગામના સરપંચશ્રી નીનામા હઠીલાભાઇ ઝાલાભાઇ અને રોટરી કલબના મેમ્બરશ્રી નરેશભાઇ ચાવડાને સભ્ય બનાવવામાં આવ્યા હતાં. જેથી રાષ્ટ્રીય સેવા યોજાનના કાર્યો અને હિસાબનું અવલોકન અને ભવિષ્ય સંબંધીત આયોજન પર વિચાર વિમર્શ તથા ઉદેશ્ય લક્ષી કાર્ય સારી રીતે કરી શકાય.

➢ **સ્વયંસેવકોની પસંદગી :-**

નવજીવન સાયન્સ કોલેજ, દાહોદનું પ્રથમ સત્ર જૂન ૨૦૧૫થી શરૂ થયું. એન.એસ.એસ. યુનિટમાં જોડાવા માટે વિદ્યાર્થીઓને એન.એસ.એસ. પ્રવેશ પત્ર દ્વારા વાલી અને આચાર્યશ્રીની અનુમતીથી સેવાભાવી અને નિઃસ્વાર્થ સ્વયંસેવકોની પસંદગી કરવામાં આવી હતી.

➢ **મતદાન જાગૃતી :-**

મતદાન જાગૃતીના કાર્યક્રમ માટે બ્રાન્ડ એમ્બેસડર તરીકે ૧. ભાટીયા ભાર્ગવ વી. ૨. પ્રજાપતી ખિલન યુ. પસંદગી કરી હતી. આ કાર્યક્રમમાં સક્રીય ભાગ લીધેલ હતો.

➢ **આંતરરાષ્ટ્રીય યોગ દિવસ :-**

તા.૨૧-૦૬-૨૦૧૫ ના રોજ પ્રથમ વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કોલેજના નોડલ ઓફીસર તરીકે એન.એસ.એસ. ના પ્રોગ્રામ ઓફિસર ડાં.જી.જે.ખરાદી ની નિમણૂંક કરી હતી.

➢ **સ્વત્રંત દિવસની ઉજવણી :-**

તા.૧૫મી ઓગષ્ટ, ૨૦૧૫ ના રોજ દાહોદ અનાજ મહાજન સાર્વજનીક એજ્યુકેશન સોસાયટી ના અર્બન ક્રિડાંગણમાં સ્વત્રંત પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં એન.એસ.એસ. ના સ્વયં સેવકો હાજર હતા.

➢ **ત્રી દિવસીય ઉજવણી :-**

તા.૨૪-૨૫-૨૬ /૦૮/૨૦૧૫ આ ત્રણ દિવસ દરમ્યાન એન.એસ.એસ. યુનિટ દ્વારા વિવિધ સ્પર્ધાઓ કરવામાં આવી હતી.

૧. તા.૨૪-૦૮-૨૦૧૫ ના રોજ મહેંદી સ્પર્ધા અને વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

**મહેંદીના વિજેતા સ્પર્ધકના નામ :-**

| વિજેતા ક્રમ | સ્પર્ધકનું નામ |
|---|---|
| પ્રથમ | બારીયા નિલમ એચ. |
| દ્વિતીય | જહાંગીડ પ્રિયંકા ડી. |
| તૃતીય | પરમાર તૃપ્તી ડી. |

**વકતૃત્વ સ્પર્ધાના વિજેતાના નામ :-**

| વિજેતા ક્રમ | સ્પર્ધકનું નામ |
|---|---|
| પ્રથમ | જહાંગીડ પ્રિયંકા ડી. |
| દ્વિતીય | સંગાડા કોમલ એન. |
| તૃતીય | નિસરતા ધમેન્દ્ર એમ. |

૨. તા.૨૫-૦૮-૨૦૧૫ ના રોજ વૃક્ષારોપણનો કાર્યક્રમ રાખેલ હતો. જેમાં એન.એસ.એસ.ના આચાર્યશ્રી, સ્ટાફ મિત્રો અને સ્વયંસેવકોએ જેમાં ૨૫ થી ૩૦ જેટલા નવા વૃક્ષોની રોપણી કરી. વૃક્ષોને સ્વયંસેવકો દ્વારા દત્તક લીધેલ છે જેથી વૃક્ષોનુ યોગ્ય જતન થઇ શકે.

૩. તા.૨૬-૦૮-૨૦૧૬ ના રોજ કોલેજના એન.એસ.એસ યુનિટ દ્વારા શ્રીમતી એમ.બી.જૈન અંધજન વિદ્યાલય, છાપરી મુકામે રક્ષાબંધનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. તેમાં સ્વયંસેવકો દ્વારા ત્યાંના વિદ્યાર્થીઓને રૂમાલની ભેટ આપવામાં આવી હતી. સ્વયં સેવકોએ બ્રેઇલ લિપીની તાલીમ લીધી હતી.

➢ **પ્રોગ્રામ ઓફિસરનો સેમીનાર :-**

તા.૦૨-૦૯-૨૦૧૫ ના રોજ ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના એન.એસ.એસ. વિભાગ દ્વારા એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર સેમીનાર – ૨૦૧૫ નું આયોજન એમ. જી. સાયન્સ ઇન્સ્ટીટ્યુટ, અમદાવાદના યજમાન પદે અમદાવાદ મુકામે કરવામાં આવ્યો હતો. આ સેમીનારમાં આ કોલેજના પ્રોગ્રામ ઓફિસર ડાં.જી.જે.ખરાદી એ ભાગ લીધો હતો.

➢ **જીલ્લા લેવલ એન.એસ.એસ. વર્કશોપ :-**

તા.૧૨-૦૯-૨૦૧૫ થી તા.૧૪-૦૯-૨૦૧૫ દરમ્યાન ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ દ્વારા યોજવામાં આવેલ વર્કશોપમાં નગરાળા ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં આ કોલેજના એન.એસ.એસ. યુનિટના ૧૦ સ્વયંસેવકોએ ભાગ લીધો હતો.

➢ **એન.એસ.એસ. દિનની ઉજવણી :-**

તા.૨૪-૦૯-૨૦૧૫ ના રોજ એન.એસ.એસ. યુનિટ દ્વારા એન.એસ.એસ. દિનની ઉજવણીના ભાગ રૂપે સ્વયંસેવકોએ બ્લાઇન્ડ વેલફેર કાઉન્સીલ માટે ૬૩૦૧/- રૂ. નો ફંડ એકત્ર કરવા માટે સક્રિય ભાગ લીધો હતો.

➢ **રકત દાન :-**

તા.૦૧-૧૦-૨૦૧૫ ના રોજ રેડ ક્રોસ સોસાયટી અને એન.એસ.એસ. યુનિટના સહયોગ દ્વારા કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા ૪૬ યુનિટ રકત દાન કરેલ હતું.

➢ **આંતરરાષ્ટ્રીય સફેદ લાકડી દિવસ :-**

તા.૧૫-૧૦-૨૦૧૫ ના રોજ સવારના ૧૦.૦૦ કલાકે અંધ વિદ્યાર્થીઓ સ્વત્રંત રીતે રસ્તા પર ફરી શકે તેના માટેની તાલીમના ભાગ રૂપે એક રેલીનું આયોજન દાહોદ શહેરમાં યોજવામાં આવેલ હતું. જેમાં કોલેજના એન.એસ.એસ.ના સ્વયંસેવકોએ સક્રિય ભાગ લઇને રાષ્ટ્ર પ્રત્યેનું પોતાનું રૂણઅદા કરવાનો નાનકડો પ્રયાસ કરેલ હતો. આ અંધ વિદ્યાર્થીઓની સાથે રહીને સફેદ લાકડી દ્વારા કૈવી રીતે ચાલવું એ સમજાવવાનો પ્રયત્ન કર્યો હતો.

➢ **સ્વામી વિવેકાનંદ જયંતીની ઉજવણી :-**

તા.૧૨-૦૧-૨૦૧૬ ના રોજ સ્વામી વિવેકાનંદ જયંતીના ઉજવણીના ભાગરૂપે રેલીનું આયોજન કરેલ હતું.

➢ **એવોર્ડ :-**

દાહોદ અનાજ મહાજન સાર્વજનીક એજ્યુકેશન સોસાયટી, દાહોદ દ્વારા આ વર્ષે એન.એસ.એસ.ના બે સ્વયંસેવકોને તા.૨૬-૦૧-૨૦૧૫ ના રોજ **"ઉત્તમ સ્વયંસેવક"** નો એવોર્ડ સંસ્થાના પ્રમુખશ્રી શોધનભાઇ શાહના હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો.

૧. ભાટીયા ભાર્ગવ વી.

૨. સંગાડા કોમલ એન.

➢ **પોલીયો :-**

તા.૧૭-૦૧-૨૦૧૬ અને તા.૨૧-૦૨-૨૦૧૬ ના રોજ પોલીયો દિવસ એન.એસ.એસ.ના સ્વયંસેવકોએ દ્વારા દત્તક ગામમાં નાના બાળકોને પાલીયો આપવાની જવાબદારી અદા કરી હતી.

➢ **અન્ય પ્રવૃતિઓ :-**

વિવિધ પ્રવૃતિ જેવીકે બ્લડ ડોનેશન, થેલેસેમીયા જેવી પ્રવૃતિઓમાં એન.એસ.એસ.ના સ્વયંસેવકોએ અમુલ્ય સેવાઓ આ વર્ષ દરમ્યાન આપેલ હતી.

**ડૉ.જી.જે.ખરાદી**
**પ્રોગ્રામ ઓફિસર**
**નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ**

**ડૉ.કે.જે.મહેતા**
**કાર્યકારી આચાર્ય**
**નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ**